<u>ક્રિ.કેસ નં.૧૧૬/૨૦૧૫ ના કામે આંક–૧ લગત આખરી હુકમ</u>

ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના અન્વયે તા.૨૩/૦૨/૧૫ ના રોજ દાખલ કરવામાં આવેલી છે. આ કામે કેસનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ વંચાણે લેતાં ફરીયાદી તરફે કોઈ આગળની કાર્યવાહી કરવામાં આવેલ નથી કે ઘણા સમયથી ફરીયાદી કે ફરીયાદીના વિ. વકીલશ્રી અત્રેની કોર્ટમાં હાજર રહેતા નથી તેમજ કોર્ટમાં હાજર રહી કેસ આગળ ચલાવવા સક્રિયપણે પ્રયાસ કરેલા હોય તેવું જણાતું નથી. આ સંજોગોમાં ફરીયાદીએ જાતે અથવા તેઓના વિ. વકીલશ્રી મારફતે અદાલતમાં હાજર થઈને હાલના કામને આગળ ચલાવવા અંગેની અને જો તેઓ હાજર નહિં થાય તો તેઓની ગેરહાજરીમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તે અંગેની નોટિસ ફરીયાદમાં જણાવેલા સરનામે ફરીયાદીને મોકલતાં સદર નોટિસ ફરીયાદી છેલ્લા એક વર્ષથી મકાન ખાલી કરીને જતા રહેલ છે તેવા શેરા સાથે વગર બજે પરત ફરેલ છે. જે હાલના કામે આંક–૭ થી રજુ થયેલ છે. આમ, હાલના કામે ફરીયાદી ફરીયાદમાં બતાવેલા સરનામે રહેતા નથી તે હકીકત માનવાને પુરતુ કારણ રહેલ છે જયારે બીજી તરફ ફરીયાદી જાતે કે તેમના વિ. વકીલશ્રી અદાલતમાં હાજર થઈને કામને આગળ ચલાવવાનો કોઈ જ પ્રયત્ન કરતા નથી. આ ઉપરાંત આ કામના ફરીયાદીએ તેઓનું રહેઠાણ બદલેલ હોય તો તે અંગેની જાણ અદાલતને કરેલ નથી. વધુમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૬ વંચાણે લેતાં તેમાં ફરીયાદીની ગેરહાજરી કે તેના મૃત્યુના પ્રસંગે યોગ્ય કાર્યવાહી કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે . આ ઉપરાંત હાલના કામનું રેકર્ડ વંચાણે લેતાં સદર ફરીયાદ સને ૨૦૧૫ માં દાખલ કરવામાં આવેલી છે વધુમાં હાલની ફરીયાદ ખાનગી ફરીયાદ છે અને તેમાં કામ આગળ ચલાવવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે એટલે કે, ફરીયાદ પક્ષે નિયમિત અદાલતમાં હાજર થઈને આરોપીની સામે સમન્સ જામીનલાયક વોરંટ, પકડવોરંટ ઈસ્યુ કરવા માટે જરૂરી કાયદાકીય કાર્યવાહી અદાલતમાં કરવાની હોય છે તેના અનુસંધાનમાં હાલના કામનું રેકર્ડ

વંચાણે લેતાં ફરીયાદી કે તેમના વિ. વકીલશ્રી ઘણા લાંબા સમયથી ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહેતા નથી તેમજ કેસની કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરેલ નથી. આ સંજોગોમાં ઉપરોકત વર્તનને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવાય અને ફરીયાદ પક્ષના ઉપરોકત વર્તન ઉપરથી એ હકીકત માનવાને પુરતુ કારણ રહેલ છે કે, ફરીયાદીને હાલની ફરીયાદ વધુ આગળ ચલાવવામાં રસ નથી અથવા તેઓને ફરીયાદ વાળા તકરારી ચેકના નાણાં મળી ગયેલા છે . જેથી ઉપરોકત કારણોસર તેઓની ફરીયાદ રદ થવાને પાત્ર છે. તેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ ને વંચાણે લઈ હાલની ફરીયાદ ફરીયાદીની કસૂરના કારણે રદ થવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

ફરીયાદીની ગેરહાજરીના કારણે હાલની આ ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે તથા આરોપીને તેમની વિરૂધ્ધના ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો પણ હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૦ માહે જાન્યુઆરી સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં ડલખાવી વાંચી સંભળાવી જાહેર કર્યો.

(મેહુલ દેવદાસભાઈ પરમાર)
૨૦/૦૧/૨૦૧૮ એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ. નેગો. કોર્ટ નં.૩૭,અમદાવાદ.
GJ 01036